| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૭/૦૯/૨૦૨૨ |
| રજી. લીધા તારીખ | ૦૭/૦૯/૨૦૨૨ |
| ફેંસલ કર્યા તારીખ | ૨૯/૦૭/૨૦૨૪ |
| સમય મર્યાદા | વર્ષ ૦૧, માસ ૧૦, દિવસ ૨૨ |

**ચોટીલાના મહે. પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું ચોટીલા**

દિ. કે. નં.૨૪૭/૨૦૨૨
આંક:–૧૮

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
વર્તુળ કચેરી, મહિલા કોલેજ પાછળ, સુરેન્દ્રનગર
ચોટીલા રૂરલ–૧, સબ ડીવીઝન .....વાદી.

**<u>વિરૂધ્ધ</u>**

ચાનવ ક્રિષ્નાબેન મહેશભાઇ
ઉ.વ.પ૪, ધર્મે: હિન્દુ, ધંધો:વેપાર,
ઠે. ખુશીનગર–૩, બ્લોક નંગ–૬૩
રે. તા.ચોટીલા. .....પ્રતિવાદી

બાબત: દાવો **રૂા.૫૮૭૬–૧૯** પૈસા વસુલ લેવાનો

---

વાદી તરફે વિ. વ. શ્રી એસ.એ. અઢીયા
પ્રતિવાદી તરફે એકતરફી

---

**૧.** આ કામે વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપનીની વર્તુળ કચરી સુ.નગર અને સબ ડીવીઝન ચોટીલા–૧ મુકામે આવેલ છે. વાદી કંપની વીજળી વાપરનાર ગ્રાહકોને કંપનીના વખતો વખતના નિયમો તથા શરતોને આધિન ઔધોગિક, ઘરવપરાશ, વાણીજય તથા

ખેતીવાડીના હેતુ માટે વીજળીનો પુરવઠો આપે છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે અને તેઓને **રહેણાંક**ના હેતુ માટે વીજ કનેકશન આપવામાં આવેલ અને તેઓનો **ગ્રાહક નં.૨૭૮૦૧/૦૪૭૨૧/૪** છે. આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીના વીજ વપરાશના બીલની રકમ નિયમિત ભરપાઇ કરવાની હોવા છતા ભરપાઇ કરેલ ન હોય **ઓગષ્ટ–૨૦૨૦ થી ફેબ્રુઆરી–૨૦૨૨** સુધીના વાદી કંપનીના બાકી વીજબીલની રકમ **રૂા.૪,૫૯૫–૨૦** પૈસા તથા ડીલે પેમેન્ટ ચાર્જીસની રકમ **રૂા.૧,૨૮૧–૦૯** પૈસા એમ મળી કુલ રકમ **રૂા.૫,૮૭૬–૧૯** પૈસા આ કામના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે. પ્રતિવાદી વાદીને રકમ વસુલ આપતા નહી હોવાથી તેઓને **લીગલ નોટીસ** આપેલ તેમ છતા ભરપાઇ નહીં કરતા પ્રતિવાદીનું કાયમી ધોરણે વીજજોડાણ કાપી નાખી વીજ મીટર જમા કરવામાં આવેલ છે. પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી રકમ પૈકી કોઇ રકમ આજદિન સુધી ભરપાઇ આપેલ ન હોવાથી વાદીને હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે. દાવા અરજીમાં જણાવ્યા મુજબની વાદી કંપનીની કુલ લેણી રકમ દાવાની તારીખથી **૨૪ ટકા**ના ચડતા વ્યાજ તથા દાવાના ખર્ચ સહિત વાદી કંપનીના લાભમાં અને પ્રતિવાદી વિરૂધ્ધમાં પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકાય તેવુ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

**૨.** સદર કામે પ્રતિવાદી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવ્યા છતા સદરહુ સમન્સ વગર બજે પરત આવતા વાદી તરફે આંક–૦૬ થી પબ્લીક નોટીસથી દૈનિક ન્યુઝ પેપરમાં જાહેર પ્રસિધ્ધી કરાવવા અરજી આપતા જે મંજૂર થતાં વાદી તરફે પ્રતિવાદીના સમન્સની બજવણી દૈનિક ન્યુઝ દિવ્ય ભાસ્કરમા પ્રસિધ્ધ કરાવ્યા અંગેની પુરસીસ આંક–૦૭ થી તથા સદરહુ પ્રસિધ્ધી આંક –૦૭/એ થી રજુ કરેલ છે, પરંતુ પ્રતિવાદી હાજર ન રહેતા, આંક–૦૧ નીચે હુકમ કરી પ્રતિવાદી વિરૂધ્ધ હાલની કાર્યવાહી એકતરફીમાં ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**3.** આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

વાદી તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા

**–: મૌખિક પુરાવા :–**

(૧) આંક–૦૯ થી વાદી દીવ્યરાજસિંહ નવલસિંહ મકવાણાનું સરતપાસનું પુરાવાનું સોગંદનામું

**–: દસ્તાવેજી પુરાવા:–**

(૧) આંક–૧૧ થી ગેટ પાસ

(૨) આંક–૧૨ થી લીગલ નોટીસ

(૩) આંક–૧૩ થી નોટીસ પરત આવેલ કવર

(૪) આંક–૧૪ થી ડી.પી.સી. કેલકયુલેશન શીટ

(૫) આંક–૧૫ થી પ્રતિવાદીની બાકી રકમ દર્શાવતુ સ્ટેટમેન્ટ

(૬) આંક–૧૬ થી પ્રતિવાદીની વિગત દર્શાવતુ પ્રફોર્મા નં.૧૨

ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવા વાદી તરફે રજૂ કરવામાં આવેલ નથી અને **આંક–૧૭ થી** કલોઝીંગ પુરસીસ રજૂ રાખેલ છે.

**૪.** ઉપરોકત વિગતે દાવાના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ આંક–૦૮થી ઘડવામાં આવેલ છે.

**<u>// મુદ્દા //</u>**

(૧) શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદીએ વાદી પાસેથી વીજ જોડાણ મેળવી વાદીના ગ્રાહક બનેલા છે.

(૨) શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદી પાસેથી દાવા અરજી મુજબની બીલની રકમ તથા ડી.પી.સી.ની રકમ વાદીની લેણી નીકળે છે ?

(૩) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું ?

**૫.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) અંશત: હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**૬.** ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**<u>// કારણો //</u>**

**<u>મુદ્દા નં.૧થી ૩</u>**

ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય હકીકતોનું પુનરાવર્તન નિવારવા એક સાથે ચર્ચવામાં આવેલ છે.

આ કામમાં વાદી તરફે સાહેદ **દીવ્યરાજસિંહ નવલસિંહ મકવાણા** નાયબ ઈજનેરશ્રીનું પુરાવાનું સોગંદનામું **આંક–૦૯**થી રજૂ રાખેલ છે. જેમાં સાહેદે આંક–૦૧ ની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો મુજબની હકીકતો જણાવેલ છે. સાહેદે પોતાના પુરાવામાં ઉપરોકત પેરા–૩માં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા અનુક્રમે **આંક–૧૧થી આંક–૧૬** સુધી રજૂ રાખેલ છે. વાદી સંસ્થાએ પ્રતિવાદીને નોટીસ મોકલેલ છતા બીલની રકમ નહી ભરતા વાદીએ દાવો કરેલાનું પુરાવામાં જણાવે છે. જે દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઇ

પુરાવો પ્રતિવાદી તરફે રજૂ થયેલ નથી કે દાવા અરજીની હકીકતોનું ખંડન કરતો દાવા જવાબ પણ પ્રતિવાદીએ રજૂ કરી તે મુજબનો પુરાવો રજૂ કરેલ નથી. વાદી સંસ્થા એ પબ્લિક એટ લાર્જના સિધ્ધાંતના ધ્યાને લઈ કામ કરતી બોડી હોય, ચેકીંગ સ્કવોડના અધિકારીને પ્રતિવાદી સાથે કોઈ લેવા–દેવા ના હોય યુકિત–પ્રયુકિત કરી ખોટા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદી સામે ઉભા કરી પ્રતિવાદી સામે ખોટો દાવો કરી દાવાના સમર્થનમાં ખોટો પુરાવો આપેલ હોય તેવું માની શકાય નહી. તેવા સંજોગોમાં પ્રતિવાદીએ વીટનેશ બોક્ષમાં આવી જુબાની આપી ખંડનાત્મક પુરાવો અદાલત સમક્ષ આપેલ ન હોય, ત્યારે જી.સી.ડી. ૧૯૯૯(૨) માણેકરાવ વિ. વિધાધારાના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ અન્વયે અદાલત પ્રતિવાદી વિરૂધ્ધ યોગ્ય અનુમાન કરી શકાય તેવા તારણ ઉપર આવે છે. વાદી સંસ્થાએ પ્રતિવાદીને નોટીસ આપેલી પરંતુ જયારે પ્રતિવાદી ધ્વારા નોટીસની બજવણી થવા છતાં હાજર થયેલ નથી અને આવી કોઈ નોટીસ ન આપ્યાનું ડીનાઈલ કરેલ ન હોય તેવા સંજોગોમાં આવી નોટીસ ન આપી હોય તેવું વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી ન માનવું યોગ્ય નથી. દાવા કામે વાદી સંસ્થા ધ્વારા બીલની રકમ ઉપરાંત ડી.પી.સી.ની રકમની માંગણી કરેલ છે, પરંતુ વાદી સંસ્થા આવો વ્યાજનો દર કઈ રીતે મેળવવા હકકદાર છે તે સંબંધી કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી ,પરંતુ વાદીના પુરાવાનું ખંડન કરતો પ્રતિવાદીએ કોઈ ખંડનાત્મક દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી કે પુરાવાનું ખંડન કરવા પ્રતિવાદી અદાલત સમક્ષ પોતાનો મૌખિક પુરાવો રજૂ કરવા હાજર રહેલ ન હોય વાદી સંસ્થા ડી.પી.સી.ની રકમ મેળવવા હકકદાર બનતા હોય તથા દાવાના કામે પ્રતિવાદી બાકી લેણી રકમ **૨૪ %** વ્યાજ તથા ડી.પી.સી. ની રકમ ચુકવી આપે તેવી માંગણી કરેલ છે, પરંતુ વાદી સંસ્થા એ જાહેર જનતાના વિશાળ હિતમાં કામ કરતી હોય, દિવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ની કલમ–૩૪ ને ધ્યાને રાખીને દાવા દાખલ તારીખથી વાર્ષિક **૦૬ %** ના સાદા વ્યાજ સંબંધી હુકમ કરવો ઉચિત જણાતો હોય, મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં તેમજ મુદ્દા નં.૩ નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૪**

સદર દાવા બાબતે વાદી મુદ્દા નં.૧ થી ૩ પોતાની તરફેણમાં પુરવાર કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં.૪ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

(૧) વાદીનો દાવો આથી અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીને આથી એવો આદેશ કરવામાં આવે છે કે, વાદી વીજ કંપનીને વીજ

બીલની રકમ **રૂા.૪,૫૯૫–૨૦** પૈસા **(અંકે રૂપિયા ચાર હજાર પાંચસો પંચાણુ અને વીસ પૈસા પુરા)** તથા ડી.પી.સી. ની રકમ **રૂા.૧૨૮૧–૦૯** પૈસા **(અંકે રૂપિયા એક હજાર બસો એકાસી અને નવ પૈસા પુરા)** એમ કુલ **રૂા.૫૮૭૬–૧૯** પૈસા **(અંકે રૂપિયા પાંચ હજાર આઠસો છોતેર અને ઓગણીસ પૈસા પુરા)** વાર્ષિક **૦૬ %** ના વ્યાજથી દાવા દાખલ તારીખથી વસુલ થતા સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચૂકવવામાં નિષ્ફળ નિવડે તો વાદી સંસ્થા આ રકમ પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકશે.

(૩) દાવાનો ખર્ચ જે તે પક્ષકારોએ ભોગવવાનો રહેશે.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૨૯મી માહે: જુલાઇ સને: ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:૨૯/૦૭/૨૦૨૪
ચોટીલા

(ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.
ચોટીલા.
**(UIC NO.GJ 01263)**